બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :



# રાજકુમાર ભરવાડ બને છે

લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : M. Maillot; Lazarus

અનુકૂલન : E. Frischbutter; Sarah S.

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2015 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી
ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.


એક દિવસે મૂસાએ  જોયુ કે એક મિસરી હિબ્રુ
ગુલામને મારી રહ્યો હતો. જો કે મૂસાનો ઉછેર
અને અભ્યાસ  ફારૂન રાજાના
મહેલમા થયો હતો, પણ તે
હિબ્રુ હતો. તેણે આ ગુલામને
મદદ કરવી પડી.

આસપાસ જોયુ કે ત્યાં કોઈ દેખાતુ નથી, તેથી મૂસાએ એ ગુલામના મુકદ્દમ પર હુમલો કર્યો. એ લડાઈ થઈ રહી હતી તેના થોડા સમયમાં મુસાએ તે મિસરીને મારી નાંખ્યો. અને મુસાએ તેના શબને ઝડપથી દફનાવી દીધું.



બીજા દિવસે મુસાએ જોયું કે બે હિબ્રુઓ લઈ રહ્યા હતા. તેણે તેમને રોકવા પ્રયત્ન કર્યો. એક જણે મુસાને કહ્યું કે, “તેં જેમ પેલા મિસરીને મારી નાંખ્યો તેમ તું મને પણ મારી નાંખવા માંગે છે?” તે સાંભળી મુસા ડરી ગયો. ગઈકાલ વિશે ઘણા લોકો જાણતા થઈ ગયા છે. ફારૂનને ખબર પડી ગઈ. મુસાએ નાસી જવું પડ્યું. તે ત્યાંથી નીકળીને મિદ્યાન જઈ રહ્યો.



જ્યારે કુવા પાસે મુસા આરામ કરતો હતો ત્યારે મિદ્યાનના યાજકની સાત પુત્રીઓ પોતાના ઘેટા-બકરાને પાણી પાવવા માટે કુવા પાસે આવી.



બીજા ઘેટાપાળકોએ તેમને હડસેલી નાંખવા પ્રયત્ન કર્યો. મુસાએ આ સ્ત્રીઓની રક્ષા કરીને તેમને મદદ કરી.




“તમે કેમ આજે વહેલા આવી ગયા!” રૂએલ જે
છોકરીઓનો પિતા હતો તેણે આશ્ચર્ય દ્વારા
પૂછ્યું. જ્યારે છોકરીઓએ જણાવ્યું કે કેવી
રીતે તેઓ જલદી આવ્યા, તેણે કહ્યું
કે, “તે માણસને તમે ઘરે લઈ
આવો.” ત્યાર બાદ મુસા
રૂએલની સાથે રહ્યો જેનું
બીજું નામ ઈથ્રો હતું.
અમૂક વખત ગયા પછી
મુસાએ રૂએલની મોટી
દિકરી સાથે લગ્ન કર્યાં.

ત્યાં મિસરમાં ફારૂન રાજા મરી ગયો. ઈશ્વરના લોકો હિબ્રુ હજી સુધી ગુલામ હતા. તેઓ પોતાની કફોડી દશામાં નિશાસો નાંખતા હતા!



તેઓ ઈશ્વરની મદદ માટે કેટલી બધી પ્રાર્થના કરતા હતા! ઈશ્વરે તેમની પ્રાર્થના સાંભળી.

મુસાને ખબર ન હતી પણ ઈશ્વરની યોજના હતી કે મુસા તેના ગુલામી રહેલા હિબ્રુ લોકોને મદદ કરે. મિસરને છોડી દીધે ચાલીસ વર્ષ પસાર થઈ ગયા હતા. તે રુએલના ઘેટાં-બકરાનો પાળક હતો. પણ તેણે તેના પોતાના લોકો જેઓ મિસરમાં તેમના વગર ખાલીપો અનુભવ્યો હતો.



એક દિવસે મુસાએ જોયું કે એક ઝાડવું
બળી રહ્યું હતું. પણ અગ્નીએ આ ઝાડવાને
બાળી મૂક્યું નહિં. મુસા શોધી નાંખવા
માંગતો હતો કે આવું કેમ થાય છે.



જ્યારે મુસા ઝાડવાની નજીક આવ્યો ત્યારે યહોવાહ દેવે તે ઝાડવામાંથી હાંક મારી “મુસા!” “હું આ રહ્યો” મુસાએ જવાબ આપ્યો. “નજીક આવીશ નહિં.” ઈશ્વરે કહ્યું. “તારા ચંપલ ઉતાર કેમકે જે જગ્યાએ તું ઉભો છે તે પવિત્ર જગ્યા છે.”



“હું તને ફારૂનની પાસે મોકલું છું કે જેથી તું મારા લોકને મિસરમાંથી છોડાવી લે.” ઈશ્વરે જવાબ આપ્યો પણ મુસાને ત્યાં જતાં બીક લાગી.



ત્યારબાદ ઈશ્વરે તેની મહાન શક્તિ મુસાને બાતવી. દેવે લાકડીનો સાપ બનાવી દીધો.



જ્યારે મુસાએ તે સાપને પૂંછડીથી પકડી લીધો ત્યારે તે ફરી લાકડી બની ગયો. ઈશ્વરે તેને બીજી નિશાની પણ આપી.



“તારો હાથ બદનમાં નાંખ” ઈશ્વરે આજ્ઞા કરી. મુસાએ એ પ્રમાણે કર્યું. તેનો હાથ સફેદ કોઢના જેવો બની ગયો.



જ્યારે તેણે ફરીથી એવું કર્યું ત્યારે તે ફરી સાજો થઈ ગયો.



મુસાએ હજી પણ જવા માટે આનાકાની કરી, “હું સારી રીતે બોલી શકતો નથી” તેણે ઈશ્વરને કહ્યું. “હું તારા ભાઈ હારૂનનો ઉપયોગ કરીશ, કે તું તેને કહેશે તે તારા બદલે બોલશે.” તેણે જણાવ્યું.



મુસા જેથ્રો પાસે આવ્યો, પોતાનો સામાન બાંધીને તૈયાર
કર્યો અને મિસર દેશ તરફ રવાના થયો.



ઈશ્વરે મુસાના ભાઈ હારૂનને દોરવણી આપી જેથી તે પહાડોની મધ્યે મુસાને મળી શકે. મુસાએ તેના ભાઈ હારૂનને ઈશ્વરની સઘળી યોજના વિશે વાત કરી કે કેવી રીતે હિબ્રુ લોકોને મિસરના સકંજામાંથી છોડાવવા માંગે છે.



તેઓ બંને સાથે મળીને હિબ્રુઓના
આગેવાન પાસે તે સમાચાર લઈને
ગયા. જ્યારે મુસાએ જે નિશાની
(ચિહ્નો) ઈશ્વરે આપ્યા હતાં તે
દેખાડ્યા ત્યારે તેમને ખબર
પડી કે ઈશ્વર તેમને
મદદ કરનાર છે.



તેઓએ સાથે મળીને ઈશ્વરની આરાધના કરી.



મુસા અને હારૂન નિડરપણે ફારૂન રાજા પાસે ગયા. “ઈશ્વર કહે છે કે મારા લોકને જવા દે.” તેઓએ તેને કહ્યું.



“હું ઈસ્રાએલ લોકને જવા દઈશ નહીં.” ફારૂને જવાબ દીધો. તે ઈશ્વરને આધિન થનાર ન હતો.



ફારૂન મન બદલવા માટે ઈશ્વર પોતાનો મહાન સામર્થ્યનો ઉપયોગ કરનાર હતાં.



# રાજકુમાર ભરવાડ બને છે

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

નિર્ગમન ૨-૫

"તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે."
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે. ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬